1 નીચે દર્શાવેલ જોડકા યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) ખંભલાય માતાનું પવિત્ર સ્થાનક - માંડલ | (1) કચ્છ જિલ્લો |
| (b) અદ્ભુત કલાકૃતિ ધરાવતા જૈન મંદિરોનું સ્થાન - કુંભારિયા | (2) ગાંધીનગર જિલ્લો |
| (c) ઇફકો લિમિટેડ કંપનીનું મથક - કલોલ | (3) બનાસકાંઠા જિલ્લો |
| (d) હડપ્પા સંસ્કૃતિનું સુવિખ્યાત સ્થળ - ધોળાવીરા | (4) અમદાવાદ જિલ્લો |

(A) a-4, d-1, b-2, c-3
(B) d-1, b-2, c-4, a-3
(C) b-3, c-4, a-2, d-1
(D) c-2, a-4, d-1, b-3

2 શામળાજી પાસેના દેવની મોરીમાંથી કયા સંપ્રદાયના અવશેષો મળ્યાં છે ?

(A) જૈન
(B) ગાણપત્ય
(C) બૌદ્ધ
(D) પાશુપત

3 પ્રાચીન અવશેષોનો સમય નિશ્ચિત કરવાની રીતને શું કહે છે ?

(A) Carbon - 8 Method of dating
(B) Carbon - 2 Method of dating
(C) Carbon - 14 Method of dating
(D) Carbon - 4 Method of dating

4 પ્રારંભિક બૌદ્ધકલામાં કયા પ્રતીકોનું પ્રાધાન્ય નજરે પડે છે ?

(A) પ્રાકૃતિક
(B) માનવીય
(C) ધાર્મિક
(D) ભૌગોલિક

5 ટાટા આર્ચરી એકેડમી કયા રાજ્યમાં આવેલી છે ?

(A) ઝારખંડ
(B) બિહાર
(C) પશ્ચિમ બંગાળ
(D) ઉત્તરાખંડ


PariksaPath · pariksapath.in

6 રાષ્ટ્રની સંસ્કાર સમૃદ્ધિ કયા અર્થમાં વ્યક્ત થાય છે ?

(A) ધાર્મિક દષ્ટિબિંદુ (B) શિલ્પ સ્થાપત્ય

(C) પ્રાકૃતિક પરિબળો (D) ભૌતિક પરિબળો

7 બચુભાઈના વાડામાં કેટલાક પશુઓ અને પક્ષીઓ છે. તેમના માથા 16 અને પગ 60 થાય છે. તો કેટલા પશુઓ હશે ?

(A) 12 (B) 20

(C) 14 (D) 2

8 યુઅન શ્વાંગે ભરુકચ્છ (ભૃગુકચ્છ) માટે કયો શબ્દ પ્રયોજ્યો હતો ?

(A) મે-લે-પો (B) પો-લુ-ક-છે-પો

(C) અ-ટ-લી (D) ફ-લ-પી

9 અમેરિકાના સૌ પ્રથમ રાજદૂત તરીકે ભારત સરકાર દ્વારા કોની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) દિવ્યાંગકુમાર ભાનુદેવ પંડ્યા

(B) અંબાલાલ સાંકરલાલ મહેતા

(C) નરસિંહભાઈ હરસિદ્ધભાઈ દિવેટિયા

(D) ગગનવિહારી લલ્લુભાઈ મહેતા

10 પ્રાચીન મકાનો, રસ્તાઓ, પાણીની નહેરોની બાંધણી સમજવાની વિદ્યાને શું કહે છે ?

(A) Earth Archaeology (B) Marine Archaeology

(C) Industrial Archaeology (D) R.T.H. Archaeology

11 પ્રાચીન સંસ્કૃતિસૂચક અવશેષોનો કાળનિર્ણય કોની મદદથી નક્કી કરવામાં આવે છે ?

(A) Atomic Energy (B) Physical Energy

(C) Biotic Energy (D) Metallic Energy

12 ભારતીય કલાને કયા પ્રકારના સૌંદર્યના પ્રાગટ્ય સાથે નિસ્બત છે ?

(A) ધાર્મિક (B) પ્રાકૃતિક

(C) શાસ્ત્રીય (D) આત્મિક



PariksaPath · pariksapath.in

13 કવિ ચિનુ મોદીનું ઉપનામ કયો અર્થ બતાવે છે ?

(A) હુકમ કે આજ્ઞા
(B) આશા
(C) નાગ
(D) ઇચ્છા

14 સૌરાષ્ટ્રમાં સેંધવોના અગત્યનાં શિલ્પસ્થાપત્ય ક્યાં નિર્માણ પામ્યાં હતાં ?

(A) પિંડારક તીર્થ
(B) બાલકા તીર્થ
(C) પ્રાચીન તીર્થ
(D) પ્રભાસતીર્થ

15 ગ્રામ ન્યાયાલયની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

(A) 26 જાન્યુઆરી, 2009
(B) 2 ઓક્ટોબર, 2009
(C) 2 ઓક્ટોબર, 2007
(D) 2 ઓક્ટોબર, 2008

16 વડનગરમાં કયો મંદિર સમૂહ પ્રાકાર-આવૃત્ત છે ?

(A) હાટકેશ્વર
(B) કિલ્લેશ્વર
(C) અમથોર માતા
(D) શર્મિષ્ઠા માતા

17 Fill in the blank :

Coming out or resulting from a natural tendency is called ______

(A) Income
(B) Co-operation
(C) Restriction
(D) Spontaneous

18 હડપ્પાકાલીન મુદ્રાંકો પર કયા વૃક્ષનાં લાંછન વિશેષ જોવા મળે છે ?

(A) અશોકવૃક્ષ
(B) પીપળો
(C) તુલસી
(D) અમરવેલ

19 MS Word ડોક્યુમેન્ટના અંત ભાગમાં જવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) Ctrl + End
(B) Alt + Home
(C) Shift + Home
(D) Tab + Home



PariksaPath · pariksapath.in

20 ભારતની બધી ધાર્મિક, દાર્શનિક અને સાંસ્કૃતિક પરંપરાઓનો જન્મ ક્યા વાઙ્મયથી થયો છે ?

(A) આરણ્યક (B) ઉપનિષદ

(C) વૈદિક (D) પુરાણશાસ્ત્ર

21 AFM નું પૂરું નામ શું છે ?

(A) એસ્ટ્રોનોમિક ફીલ્ડ માઈક્રોસ્કોપી (B) એરિયલ ફીલ્ડ માઈક્રોસ્કોપી

(C) ઓટોમેટિક ફોર્સ માઈક્રોસ્કોપી (D) એટોમિક ફોર્સ માઈક્રોસ્કોપી

22 ભીનમાલના વનસરોવરની મધ્યમાં આવેલાં દ્વીપનું નામ શું હતું ?

(A) લાખ્ખારામ (B) લખારા

(C) લક્ષ્મણ દ્વીપ (D) શ્રીદ્વીપ

23 સાચી જોડણી શોધો.

(A) અતિવીશા (B) અતિવિષા

(C) અતીવિસા (D) અતિવીષા

24 પ્રાચીન ભારતીય વિદ્યાપરંપરામાં ઇતિહાસને કઈ વિદ્યા તરીકે સ્થાન મળ્યું છે ?

(A) ભૌતિક (B) પરાભૌગિક

(C) પુરાવૃત્ત (D) પૌરાણિક

25 ખોટી જોડણી શોધો.

(A) જુગુપ્સા (B) મિલિટરી

(C) અપૂર (D) પતંગિયુ

26 પાશુપત સંપ્રદાયના પ્રવર્તક કોણ હતા ?

(A) નટ રક્ષક (B) લકુલીશ

(C) ભાસર્વજ્ઞ (D) સોમેશ્વર



PariksaPath · pariksapath.in

27 બૌદ્ધદેવી તારાની મૂર્તિ ક્યાં આવેલી છે ?

(A) તારાપુર
(B) તેન તલાવ
(C) તારંગા
(D) શામળાજી

28 'રાષ્ટ્રીય'નો ઉલ્લેખ કયા શિલાલેખમાંથી મળે છે ?

(A) મંદસોર
(B) ભિટ્ટા
(C) જૂનાગઢ
(D) દિલ્હી

29 ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આગવું પ્રદાન કરનાર પ્રખર કર્મકાંડી શ્રીમાળી બ્રાહ્મણ અસાઈત ક્યાંના વતની હતા ?

(A) પાટણ
(B) ઉંઝા
(C) સિદ્ધપુર
(D) ભાવનગર

30 વડનગરનું પ્રાચીન નામ કયું હતું ?

(A) આનર્ત
(B) વડ્ડવલી
(C) આનંદપુર
(D) વટ્ટપત્ર

31 ફોજદારી કેસમાં દસ વર્ષ કરતાં ઓછી સજા હોય તેવા ગુનામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - 1973 નીચે કોઈ પણ ગુનાને લગતી તપાસ હોય ત્યારે પોલીસે કેટલા દિવસમાં અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવું જોઈએ ?

(A) 90
(B) 75
(C) 100
(D) 60

32 મિયાણીમાં કયા દેવીનું મંદિર આવેલું છે ?

(A) વારાહી
(B) હરસિદ્ધ
(C) સપ્તમાતૃકા
(D) વૈરાટી

33 ગુજરાત યુનિવર્સિટીના સૌ પ્રથમ કુલપતિનું નામ આપો.

(A) ડૉ. ઉમાશંકર જોષી
(B) હરસિદ્ધભાઈ દિવેટીયા
(C) પ્રો. મગનભાઈ દેસાઈ
(D) નરસિંહરાવ દિવેટીયા



PariksaPath · pariksapath.in

34 સિદ્ધપુરનું પ્રાચીન નામ શું હતું ?

(A) સિદ્ધાચલ (B) શ્રીસ્થલ

(C) સિદ્ધાયન (D) સિદ્ધસ્થલ

35 ગિરનારની તળેટીમાં કયું પ્રાચીન સરોવર આવેલું હતું ?

(A) માન સરોવર (B) સુદર્શન સરોવર

(C) સિદ્ધ સરોવર (D) ગિરી સરોવર

36 સંસ્કૃતિના ઉદ્‌ભવ અને પોષણમાં કોનો અમૂલ્ય ફાળો રહેલો છે ?

(A) પ્રકૃતિ (B) સભ્યતા

(C) જળાશયો (D) સમૃદ્ધિ

37 Fill in the blank.

When I was a child, I _______ under this banyan tree.

(A) were playing (B) have been playing

(C) had been playing (D) were played

38 મોહેં-જો-દડોમાંથી મળેલ માટીની કઈ વસ્તુઓએ સંસ્કૃતિના દસ્તાવેજી પુરાવા પૂરા પાડ્યા છે ?

(A) તાવીજ (B) માટીના વાસણો

(C) તખતીઓ (D) ઈંટો

39 ગુજરાતની અસ્મિતા પર કાવ્ય લખનાર સાહિત્યકાર કયા છે ?

(A) કવિ કલાપી (B) કવિ કાન્ત

(C) નર્મદ (D) ઝવેરચંદ મેઘાણી

40 રંગપુરની સંસ્કૃતિના પ્રાગૈતિહાસિક મકાન કયા આકારના હતા ?

(A) C (B) E

(C) L (D) D



PariksaPath · pariksapath.in

41 દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના ટ્રેન પ્રવાસ દરમ્યાન તેમની પાસે પહેલા વર્ગની ટિકિટ હોવા છતાં તે સમયે પ્રવર્તતી રંગભેદની નીતિ અન્વયે તેમને સામાન સહિત ટ્રેનમાંથી નીચે ઉતારી દેવાયા હતા. આ રેલવે સ્ટેશનનું નામ શું હતું ?

(A) જોહાનિસબર્ગ (B) પ્રિટોરિયા

(C) મેરિત્સબર્ગ (D) ડરબન

42 ઈરાકના ઉર નામના સ્થળેથી 5000 વર્ષ પહેલા થઈ ગયેલા કયા રાજાનાં નામવાળી માટીની મુદ્રા મળી છે ?

(A) આન્નિદપદ (B) વૈવસ્વાત

(C) ભૃગુ (D) ચક્ષુર્વાસત્ય

43 મૌર્યકાળમાં ગંગાના ખીણપ્રદેશમાં કયા યુગનાં વિશિષ્ટ પ્રકારનાં માટીનાં વાસણો મળે છે ?

(A) પથ્થરયુગ (B) આદ્ય-ઐતિહાસિક યુગ

(C) લોહયુગ (D) ઐતિહાસિક યુગ

44 સિંધુ-પ્રદેશની નગર સંસ્કૃતિના કેન્દ્રો કયા ગણાય છે ?

(A) કાલીબંગન (B) ઓરસંગ

(C) ભૃગુ-કચ્છ (D) મોહેં-જો-દડો-હડપ્પા

45 ખોટી જોડણી શોધો.

(A) નિરોપયોગી (B) શરમિંદું

(C) જિપ્સી (D) અવિધિપુરઃસર

46 નર્મદાના ખીણ પ્રદેશમાં પથ્થરયુગના વિશિષ્ટ સૂક્ષ્મ પાષાણ ઉદ્યોગની શોધ કોણે કરી હતી ?

(A) પી. પી. પંડ્યા (B) આર. એન. મહેતા

(C) મધુસૂદન ઢાંકી (D) જે. એમ. નાણાવટી

47 ગુજરાત સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને એમ.ફીલ.ના અભ્યાસ માટે કેટલી રકમની ફેલોશીપ આપવામાં આવે છે ?

(A) રૂ. 20,000 (B) રૂ. 25,000

(C) રૂ. 30,000 (D) રૂ. 35,000



PariksaPath · pariksapath.in

48 પ્રાચીન નગરી તક્ષશિલાનું ખોદકામ કોણે કર્યું હતું ?

(A) ડૉ. વોગેલ (B) માર્શલ

(C) રા. બ. સાહાણી (D) ડૉ. બ્લોક

49 Recycle Binમાં આવેલ તમામ ફાઈલ્સ અને ફોલ્ડરને દૂર કરવા માટે કયો વિકલ્પ પસંદ કરશો ?

(A) Empty Recycle Bin (B) Delete Recycel Bin

(C) Remove Recycle Bin (D) Clean Recycle Bin

50 પથ્થર અને ઈંટેરી બાંધકામયુક્ત કૂવો કયા નામે ઓળખાય છે ?

(A) શ્રીમુખ (B) દુન્દુભિ

(C) ભમરીયો (D) ચૂડામણિ

51 ગુજરાત સરકાર દ્વારા લલિતકલા ક્ષેત્રે કયો એવોર્ડ આપવામાં આવે છે ?

(A) શ્રી રવિશંકર રાવલ એવોર્ડ

(B) પંડિત ઓમકારનાથ ઠાકુર એવોર્ડ

(C) શ્રી રવિશંકર મહારાજ લાલિત્ય એવોર્ડ

(D) આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ

52 કલાનું અંતિમ ધ્યેય કયું ગણાય છે ?

(A) ભૌતિક (B) ચૈતન્ય

(C) પરમ આનંદ (D) સૌંદર્ય

53 લેખનના પ્રારંભના યુગને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) પ્રાગૈતિહાસિક યુગ (B) આદ્ય-ઐતિહાસિક યુગ

(C) ઐતિહાસિક યુગ (D) હડપ્પાકાલ

54 જળવાયુ કયા બે વાયુઓનું મિશ્રણ છે ?

(A) $CO + N_2$ (B) $CO_2 + H_2$

(C) $CO + H_2$ (D) $CO + H_2O$



PariksaPath · pariksapath.in

55 ગુજરાતમાં પ્રાગૈતિહાસિક યુગના [illegible] કાર્ય કર્યાં ?

(A) [illegible]

(B) [illegible]

(C) [illegible]

(D) [illegible]

56 Fill in the blank

He is blind. He can see with ____ of his eyes.

(A) neither

(B) either

(C) both

(D) any

57 સિરણા નદીના કાંઠે વસેલા આદિમાનવને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) સાહિલક

(B) સોમનાથ

(C) સિરણયપુ

(D) સત્રપંથ

58 રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

છાણાં થાપવાં

(A) છાણાં ભેગું કરવું

(B) બળતણ માટે ઉપયોગી હોવું

(C) ખૂબ બદનામ કરવું

(D) પ્રસિદ્ધિ મેળવવી

59 કયા સુરક્ષિત અખાતે સિંધુ પ્રદેશની સંસ્કૃતિને ગુજરાતમાં વિકસાવવામાં મદદ કરેલી ?

(A) કચ્છ

(B) ખંભાત

(C) બેડીબંદર

(D) સુરત બંદર

60 1917માં નાલંદાનું ઉત્ખનન અને સંશોધન કોણે કર્યું હતું ?

(A) ડી. સ્પુનર

(B) રખાલદાસ બેનરજી

(C) કા. ના. દીક્ષિત

(D) લોર્ડ કર્ઝન



PariksaPath · pariksapath.in

61 લોકવાયકા મુજબ ગુજરાતના કયા જિલ્લામાં આવેલ એક ગામના ઘરમાં કવિ અખાની ગાદી સચવાઈ રહી જણાય છે ?

(A) સુરત (B) અમદાવાદ

(C) વલસાડ (D) ભરૂચ

62 'કલા મનને શુદ્ધ કરે, હૃદયને પવિત્ર કરે અને આત્માને ઉજ્જવળ બનાવે' આ વિધાન કોનું છે ?

(A) રવિશંકર રાવળ (B) ગાંધીજી

(C) રવિ વર્મા (D) રવિન્દ્રનાથ ટાગોર

63 Give synonym of 'Dry'.

(A) Damp (B) Interesting

(C) Soggy (D) Arid

64 સંસ્કૃતિ અને ઇતિહાસમાં કઈ વિદ્યાની મદદથી નોંધપાત્ર સુધારાવધારા થઈ શક્યા છે ?

(A) સમાજવિદ્યા (B) પુરાતત્ત્વ વિદ્યા

(C) રસાયણવિદ્યા (D) ભૌતિક વિદ્યા

65 સુપ્રસિદ્ધ 'જોગીડાની ગુફા' કયા વિસ્તારમાં આવેલ છે ?

(A) લુણાવાડા (B) બાલાસિનોર

(C) તારંગા (D) મોડાસા

66 પ્રાચીનકાળના ઋષિમુનિઓ કયા પ્રકારનું જીવન જીવતા હતા ?

(A) નૈસર્ગિક (B) નિર્વાસનિક

(C) આહ્લાદિત (D) ત્રિપરિમાણી

67 મનુષ્યો, પ્રાણીઓ, જીવજંતુઓ, વનસ્પતિઓમાં રસાયણોની હેરફેર માટે કયું અગત્યનું સાધન છે ?

(A) વાયુ (B) જળ

(C) પ્રકાશ (D) બીજ



PariksaPath · pariksapath.in

68 ઉત્તરનાં કાળાં ચળકતાં પ્રાચીન વાસણ માટે કયો અંગ્રેજી શબ્દ વપરાય છે ?

(A) N.B.P.
(B) U.P.B.
(C) P.N.B.
(D) B.P.N.

69 શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

અરજ કરીને માગેલું -

(A) પ્રાવૃષ
(B) રાવ
(C) પ્રાર્થિત
(D) અર્જિત

70 પથ્થરયુગના ઓજારોનું મહત્ત્વનું કેન્દ્ર જણાવો.

(A) લાંઘણજ
(B) લોથલ
(C) શિકારપુર
(D) રોજડી

71 હાસ્યલેખક રતિલાલ બોરીસાગરની રચના જણાવો.

(A) જીવન હાસ્ય
(B) છત્રીસ
(C) ગાંઠ બાંધ્યાની વેળા
(D) આનંદલોક

72 પાટણનું પંચાસરા પાર્શ્વનાથનું મંદિર કોણે બંધાવ્યું હતું ?

(A) મૂળરાજ
(B) સિદ્ધરાજ
(C) વનરાજ
(D) કર્ણદેવ

73 Select opposite gender of the following :

Hart

(A) roe
(B) harty
(C) hen
(D) hartess

74 ધોળાવીરા - નગરીય સભ્યતાનું કયું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે ?

(A) પાણી પુરવઠાની યોજના
(B) રાજમાર્ગની યોજના
(C) મકાન બાંધકામ
(D) વેપાર



PariksaPath · pariksapath.in

75 [illegible] પાટણનું પ્રાચીન નામ કયું હતું ?

(A) ચશાવલી (B) દુષ્યમ

(C) અણહિલવાડ (D) વક્રપ્રદ

76 'હરિશ્ચંદ્રની ચોરી' નામે ઓળખાતું તોરણ ક્યાં આવેલું છે ?

(A) વારાણસી (B) વડનગર

(C) શામળાજી (D) વિજયનગર પોળો

77 3600ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી પૂર્ણઘન સંખ્યા બને ?

(A) 9 (B) 50

(C) 300 (D) 450

78 સૌરાષ્ટ્ર સરકારે 1947માં જે પુરાતત્ત્વ ખાતાની રચના કરેલ તે હાલ ક્યા નામે ઓળખાય છે ?

(A) દફતર ભંડાર ખાતું

(B) ગ્રંથાલય ખાતું

(C) ભારતીય પુરાતત્ત્વીય તપાસણી ખાતું

(D) ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતું

79 મોરથુથુનું રાસાયણિક સૂત્ર કયું છે ?

(A) $CuSO_4$ (B) $MgSO_4$

(C) $ZnSO_4$ (D) $FeSO_4$

80 ભારત પ્રસિદ્ધ 'કીર્તિતોરણ' ક્યાં આવેલું છે ?

(A) સોમનાથ (B) અંબાજી

(C) વડનગર (D) ખંભાત



PariksaPath · pariksapath.in

81 પશ્ચિમ હિંદમાં પ્રાચીન અનર્તમાં કઈ રાજધાની હતી ?

(A) લાટ
(B) શર્યાતિ
(C) કુશસ્થલી
(D) સુરાષ્ટ્ર

82 ગુજરાતમાં કયા પ્રાચીન સ્થળેથી ઝવેરીઓ, કુંભારો, કંસારા અને નકશીકામના નમૂના મળી આવ્યા છે ?

(A) રંગપુર
(B) લોથલ
(C) ધોળાવીરા
(D) ઘોઘા

83 નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ જણાવો.

ઉત્થાન

(A) ઉત્કર્ષ
(B) પતન
(C) ભરતી
(D) પતીત

84 ગુજરાતમાં ઐતિહાસિક યુગની શરૂઆત કોના શાસનથી ગણવામાં આવે છે ?

(A) મૈત્રક શાસન
(B) ગુપ્ત શાસન
(C) મૌર્ય શાસન
(D) ક્ષત્રપ શાસન

85 સંધિ જોડો.

તદ્ + રૂપ

(A) તદ્રૂપ
(B) તઃરૂપ
(C) તદ્દરૂપ
(D) તૌરૂપ

86 1950માં કઈ યુનિવર્સિટીમાં પુરાતત્ત્વ વિભાગની રચના થઈ ?

(A) ભાવનગર યુનિવર્સિટી
(B) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
(C) મ.સ. યુનિવર્સિટી
(D) ગુજરાત યુનિવર્સિટી

87 Fill in the blank.

Go back ________ you came.

(A) where
(B) thence
(C) whence
(D) why

[ Contd...



PariksaPath · pariksapath.in

88 ઈ.સ. 1784માં કલકત્તામાં કોની દોરવણીથી એશિયાટિક સોસાયટીની સ્થાપના થઈ ?

(A) જેમ્સ બર્જેસ
(B) કિંગ વિલિયમ
(C) સર વિલિયમ જોન્સ
(D) કર્નિંગહામ

89 ચંદ્રગુપ્ત બીજાના સિંહ છાપના સિક્કા તેણે કયો પ્રદેશ કબજે કર્યાની સાબિતી આપે છે ?

(A) મધ્યપ્રદેશ
(B) માલવ
(C) સૌરાષ્ટ્ર
(D) બયાના

90 જગતના સૌથી પ્રાચીન ધર્મોમાં મુખ્ય અંગ તરીકે શું જાણીતું હતું ?

(A) અધ્યાત્મ
(B) મૂર્તિપૂજા
(C) તત્ત્વજ્ઞાન
(D) ધ્યાન

91 સાહિત્યકાર ગંગાસતી (ગંગાબા ગોહિલ)ની કૃતિ જણાવો.

(A) વિશ્વબંધુ
(B) ગંગા કવન
(C) મુખવટો
(D) ભક્તિ કરવી તેણે

92 મધ્યયુગમાં વિશિષ્ટતાસૂચક કઈ વિદ્યા વધારે વિકસી ?

(A) મદ્રાવિદ્યા
(B) છાપવિદ્યા
(C) અભિલેખવિદ્યા
(D) શસ્ત્રવિદ્યા

93 નીચે આપેલ કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો.

આઠ વાર ને નવ તહેવાર

(A) ખૂબ જ દુઃખ હોવું
(B) વાર તહેવારે ભીડ પડવી
(C) હંમેશા આનંદમંગલમાં રહેવું
(D) ભવિષ્યની ચિંતા અગાઉથી ન કરવી

94 પ્રાચીન કાલના લાલ લીસાં વાસણો કયા નામે જાણીતાં હતાં ?

(A) W.R.P.
(B) R.P.W.
(C) P.R.W.
(D) R.T.P.



PariksaPath · pariksapath.in

95 ભરૂચમાં મુસ્લિમ અમલના અંત બાદ કયા વર્ષમાં અંગ્રેજી અમલની શરૂઆત થઈ ?

(A) 1768
(B) 1754
(C) 1772
(D) 1770

96 સંસ્કૃતિને ઘડનારું એક મહત્ત્વનું પરિબળ કયું છે ?

(A) ગૃહશૃંગાર
(B) કલા
(C) વિજ્ઞાન
(D) દેહશૃંગાર

97 રૂ. 500 પ.કિં. ધરાવતી એક વસ્તુ પર 20% નફો મેળવવા તેની વે.કિં. રૂ. ______ લેવી જોઈએ.

(A) 100
(B) 400
(C) 600
(D) 50

98 પશ્ચિમી ભારતની કેટલીક ગુફાઓ અને મંદિરોની પ્રથમ શોધખોળ કોણે કરી હતી ?

(A) ડૉ. સ્ટેઈન
(B) ડૉ. બર્ગેસ
(C) ડૉ. સ્પૂનર
(D) માધોસ્વરૂપ વત્સ

99 હાલમાં કયા બે પ્રાચીન સ્થળોએ મ્યૂઝિયમ વિકસાવવાની જાહેરાત થઈ ?

(A) રોજડી-રંગપુર
(B) લોથલ-ધોળાવીરા
(C) સોમનાથ-દ્વારકા
(D) નાગદા-આહાડ

100 એક રકમનું $7\frac{1}{2}\%$ના દરે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. 996 થાય તો, એ રકમ શોધો.

(A) રૂ. 6849
(B) રૂ. 7200
(C) રૂ. 6400
(D) રૂ. 6600

101 કયા કાળને 'ઠીકરાં સંસ્કૃતિ'નો કાળ ગણવામાં આવે છે ?

(A) ઐતિહાસિક કાળ
(B) પ્રાગૈતિહાસિક કાળ
(C) અનુમૈત્રક કાળ
(D) ગુપ્તકાળ



PariksaPath · pariksapath.in

102 Copy કરેલ માહિતીને કેટલી વખત Paste કરી શકાય છે ?

(A) માત્ર એક વખત
(B) બે વખત
(C) અનેક વખત
(D) મર્યાદિત વખત

103 વાઈસરોય લૉર્ડ કર્નિંગે પુરાતત્ત્વખાતા નિયામક તરીકે કોની નિમણૂક કરી હતી ?

(A) ડૉ. બર્ગેસ
(B) જનરલ કનિંગહામ
(C) સર જોન માર્શલ
(D) જેમ્સ પ્રિન્સેપ

104 દૂધની ઘનતા માપવા કયું સાધન વપરાય છે ?

(A) રિફ્રેમો મેનોમીટર
(B) લેક્ટોમીટર
(C) સ્ટેથોસ્કોપ
(D) એમીટર

105 અશોકના શિલાલેખોની બ્રાહ્મીલિપિ કયા વિદ્વાને ઉકેલી ?

(A) પ્રિન્સ ઑફ વેલ્સ
(B) પ્રિન્સેપ
(C) પાર્જિટર
(D) ફલીટ

106 મનુષ્યની જાતિઓ તથા ટોળીઓના પ્રકારો અને તેમના હાડપિંજરોનો અભ્યાસ કયું શાસ્ત્ર કરે છે ?

(A) Historical Method
(B) Earth Science
(C) Palaenotology
(D) Palaeography

107 ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી કયા જિલ્લાની હદ સ્પર્શતી નથી ?

(A) ભાવનગર
(B) મોરબી
(C) બોટાદ
(D) અમદાવાદ

108 કોના શાસનમાં ગુજરાત જૈન ધર્મનું બળવાન અને સમૃદ્ધ કેન્દ્ર બની ગયું ?

(A) મૌર્ય
(B) ગુપ્ત
(C) સોલંકી
(D) વાઘેલા



PariksaPath · pariksapath.in

109 Fill in the blank.

The upper surface of land is washed away due to ___ and ___ of water

(A) colour, weight   (B) falling, rushing

(C) vaporisation, boiling   (D) density, volume

110 Archaeological Survey of India ની સ્થાપના ક્યારે થઈ ?

(A) 1958   (B) 1861

(C) 1941   (D) 1920

111 ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની ઉચ્ચ શિક્ષણ ધિરાણ યોજના અન્વયે અપાતી ધિરાણની રકમ ઉપર કેટલો વ્યાજદર રાખવામાં આવેલ છે ?

(A) 3%   (B) 3.50%

(C) 4%   (D) 4.50%

112 ગઝની સમયની મુખ્ય ઐતિહાસિક કૃતિ કઈ ગણાય છે ?

(A) તારીખે યમીની   (B) તારીખે હિંદ

(C) તબકાતે નાસિરી   (D) તારીખે ફિરિશ્તા

113 પ્રાચીન ભારતમાં પદ્ધતિસર સિક્કાઓ પાડવાની શરૂઆત કયા શાસકોએ કરી હતી ?

(A) ગ્રીક બેક્ટ્રિયન   (B) શક-પહલવ

(C) મૌર્ય   (D) ક્ષત્રપ

114 ગુજરાતના પુરાતત્વની શોધખોળનો મહત્ત્વનો સમય કયો ?

(A) ઈ.સ. 1951 થી 1960   (B) ઈ.સ. 1921 થી 1931

(C) ઈ.સ. 1971 થી 1978   (D) ઈ.સ. 2002 થી 2005

115 નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટ રૂપ વિકલ્પોમાંથી શોધો.

દાંદળું

(A) ખોખરું   (B) ખડિયો

(C) સુંદર   (D) દેખવું



PariksaPath · pariksapath.in

116 ખરોષ્ઠી લિપિમાં લખાયેલા અભિલેખોનું પ્રથમ સંપાદન કોણે કર્યું છે ?

(A) જેમ્સ પ્રિન્સેપ
(B) કોનાવ સ્ટેન
(C) બુલહર
(D) કીલહોર્ન

117 કેરલના પ્રચલિત લોકનૃત્યનું નામ જણાવો.

(A) કથકલી
(B) કટ્ટીસ
(C) મયૂરી
(D) ભારતનાટ્યમ્

118 જાતિઓના ઉદ્ભવ, ભૌગોલિક સ્થાન અને સ્થળાંતરને લગતું કયું શાસ્ત્ર છે ?

(A) Subaltern History
(B) Demography
(C) Numerology
(D) Genealogy

119 નીચે દર્શાવેલ કૃતિઓ પૈકી કઈ કૃતિ શેખાદમ આબુવાલાની નથી ?

(A) ચંદન
(B) અજંપો
(C) હવાની હવેલી
(D) સૉનેટ લટ

120 ભારતમાં કઈ લિપિના ઉદ્ભવ સાથે લખાણનો પ્રારંભ થયો ?

(A) ગુપ્ત લિપિ
(B) ક્ષત્રપ લિપિ
(C) બ્રાહ્મી લિપિ
(D) ગૂઢ લિપિ

121 પાકી ઈંટોનો બાંધેલો કૂવો કયા પ્રાચીન સંસ્કૃતિના કેન્દ્રમાંથી મળી આવ્યો છે ?

(A) રંગપુર
(B) લોથલ
(C) ધોળાવીરા
(D) લાંઘણજ

122 જૂનાગઢ બોરિયામાં આવેલ માટીની પકવેલી ઈંટોથી બનાવેલ કયું પ્રાચીન સ્થાપત્ય આવેલું છે ?

(A) મઢી
(B) ગુફા
(C) સ્તૂપ
(D) વેદિકા



PariksaPath · pariksapath.in

123 ગુજરાતમાં દરબાર હોલ મ્યુઝિયમ ક્યા આવેલું છે ?

(A) સાપુતારા (B) જૂનાગઢ

(C) અમરેલી (D) વ્યારા

124 રંગપુરમા માટીના ચળકતા લાલ વાડકાઓ ઉપર કોની આકૃતિ દોરેલી છે ?

(A) હાથી (B) વૃષભ

(C) મોર (D) હરણ

125 Adjective form of : 'Three'

(A) threefold (B) thrice

(C) threelight (D) therd

126 લોથલની સંસ્કૃતિનો નાશ કયા કારણસર થયો હતો ?

(A) બાહ્ય આક્રમણ (B) પાણીના પૂર

(C) દરિયાઈ વેપાર (D) સામુદ્રિક ફેરફાર

127 નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

તે <u>અષ્ટકોણી</u> વાવ જોવાલાયક છે.

(A) રંગવાચક (B) પરિમાણવાચક

(C) કર્તૃવાચક (D) આકારવાચક

128 જનરલ કનિંગહામનું કયા ક્ષેત્રે વિશેષ યોગદાન ગણાય છે ?

(A) અભિલેખ (B) શિલાલેખ

(C) સિક્કા (D) લિપિ

129 નીચે આપેલા વિકલ્પોમાં કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો ?

(A) પીયૂષ (B) વલ

(C) ઓસ (D) શબનમ



PariksaPath · pariksapath.in

130 ઇતિહાસ-સંસ્કૃતિના બનાવોને તારીખ પ્રમાણે ગોઠવનાર વિદ્યા કઈ છે ?

(A) ક્રમાંકવિદ્યા
(B) ભૂસ્તરવિદ્યા
(C) તવારીખો
(D) અવકાશવિદ્યા

131 હસ્તાક્ષરો પરથી દસ્તાવેજના કર્તા નિશ્ચિત કરવાની કઈ નવી પેટાશાખા ઉદ્‌ભવી ?

(A) Bibliotics
(B) Bibliography
(C) Biotics
(D) Diplomatic

132 Fill in the blank.

This wall ______ a crack in it.

(A) have
(B) has
(C) will had
(D) having

133 માનવજાતિ અને ટોળીઓના રિવાજો, ખાસિયતો, ધાર્મિક માન્યતાઓનું આલોકન કયું શાસ્ત્ર કરે છે ?

(A) Physical Anthropology
(B) Ethnology
(C) Iconography
(D) Palaeobotany

134 નીચેનામાંથી કઈ વનસ્પતિ સ્પર્શાનુવર્તન દર્શાવે છે ?

(A) સૂર્યમુખી
(B) લજામણી
(C) પાનફૂટી
(D) બારમાસી

135 જૈન અર્હત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ક્યા નામે ઓળખાય છે ?

(A) આચાર્ય
(B) સાધુ ભગવંતો
(C) તીર્થંકર
(D) કેવલ્યપદ

136 MS PowerPointમાં ફક્ત લખાણ પ્રકારની માહિતી દર્શાવવા માટે કયા ટેબને પસંદ કરવામાં આવે છે ?

(A) Slides
(B) Text
(C) Outline
(D) Task



PariksaPath · pariksapath.in

137 ગિરનાર ઉપર ક્યા સંપ્રદાયના દેરા આવેલાં છે ?

(A) નાથ સંપ્રદાય
(B) જૈન સંપ્રદાય
(C) બૌદ્ધ સંપ્રદાય
(D) શાક્ત સંપ્રદાય

138 આદિ માનવ જે વાતાવરણમાં રહ્યો હતો તે સમજવા માટે કઈ શાખા શરૂ થઈ ?

(A) Radiology
(B) Atomic Science
(C) Biology
(D) Environmental Archaeology

139 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' કાવ્ય પંક્તિ ક્યા કવિની છે ?

(A) નર્મદ
(B) દલપતરામ
(C) નવલરામ
(D) કેશવરામ હ. ભટ્ટ

140 પુરાતત્ત્વના ખોદકામમાંથી મળેલ બળેલા ધાન્ય-કોલસામાં કેટલી Radio activity રહી છે તે કોણ નક્કી કરે છે ?

(A) Physics Laboratory
(B) Bio Science
(C) ISRO
(D) Physical Laboratory

141 સંધિનો વિગ્રહ કરો.

શ્રીશ

(A) શ્રી + ઈશ
(B) શ્ર + ઈશ
(C) શ્રી + ઈષ
(D) શ્રી + ઈસ

142 ગુજરાતમાં કઈ વાવને વિશ્વ વિરાસતમાં સ્થાન મળ્યું છે ?

(A) અડાલજની વાવ
(B) રાણકી વાવ
(C) અડીકડી વાવ
(D) મિનળ વાવ

143 Fill in the blank.

I _______ a 1st person singular pronoun.

(A) am
(B) was
(C) is
(D) are



PariksaPath · pariksapath.in

144 'કુંડવાવ'નાં શ્રેષ્ઠ સ્થાપત્યકીય રચના ક્યાં આવેલી છે ?

(A) રોડા
(B) કપડવંજ
(C) પાવાગઢ
(D) ગુંજા

145 હિંમતનગરનાં રોડામાં આવેલ પ્રાચીન કુંડ ક્યા નામે ઓળખાય છે ?

(A) રામકુંડ
(B) ખાડચીમાતા
(C) શીતળામાતા
(D) કાલીમાતા

146 ઉપનિષદોનાં બ્રહ્મદર્શન સાથે પ્રતિમાપૂજા અને બહુદેવવાદના સમન્વયથી ક્યો ધર્મ ઉદ્દભવ્યો ?

(A) સનાતન ધર્મ
(B) શૈવધર્મ
(C) ભાગવત વૈષ્ણવ ધર્મ
(D) શાક્ત ધર્મ

147 ખેડા જિલ્લાના દક્ષિણ સાગરકાંઠે આવેલ ઐતિહાસિક નગર ખંભાતનું પૌરાણિક નામ જણાવો.

(A) ખારપ્રદેશ
(B) ખંભાયલ
(C) સ્તંભતીર્થ
(D) કમ્બાટ

148 ભારતના ઇમ્પિરિયલ ગેઝેટીઅરમાંથી ક્યા યુગની પુષ્કળ માહિતી મળે છે ?

(A) મધ્યયુગ
(B) આદ્ય ઐતિહાસિક યુગ
(C) અનુ-ગુપ્તયુગ
(D) અર્વાચીન યુગ

149 નીચે આપેલ વાક્યનો યોગ્ય ભાવે પ્રયોગ જણાવો.

વચ્ચે પ્રજ્ઞા આવી.

(A) વચ્ચે પ્રજ્ઞાથી અવાય છે.
(B) વચ્ચે પ્રજ્ઞાથી અવાશે.
(C) પ્રજ્ઞા વચ્ચેથી આવશે.
(D) વચ્ચે પ્રજ્ઞાથી અવાયું.

150 ભારતમાં ઘણાખરા શાસકોના સિક્કાઓની બીજી બાજુએ ક્યા ધર્મના ચિહ્નો જોવા મળે છે ?

(A) વૈષ્ણવ
(B) શૈવ
(C) બ્રાહ્મણ
(D) બૌદ્ધ



PariksaPath · pariksapath.in

@marugujarat_in

JOIN OUR

CHANNEL

MaruGujarat.in

Gujarat's No. 01
Educational Website

WHATSAPP:(+91)9624666679
WWW.MARUGUJARAT.IN

ParikSaPath · pariksapath.in